ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૩.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવ આસમાને

## બે માસ પહેલા તળીયાના ભાવે વેચાતું શાકભાજી અત્યારે રૂ.૬૦ થી ૮૦ ના ભાવે વેચાય છે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં બે માસ અગાઉ શાકભાજીના ભાવ તળીયે બેસી ગયા હતા. શહેરના શાકમાર્કેટમાં કોઈપણ શાક માત્ર રૂ.૧૦ કે ૨૦ ના નજીવા ભાવે વેચાણ થતુ હતું. પરંતુ અત્યારે હાલના સમયે ઉનાળાની ગરમી અને ઓછા વાવેતરને પગલે મોટાભાગનું શાક રૂ.૬૦થી ૮૦ ના ભાવે વેચાઈ રહ્યું છે. ત્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં ફળોના રાજા કેરી કરતા પણ શાકનો ભાવ આસમાનને આંબતા ગૃહિણીઓ મુસીબતમાં મુકાઈ ગઈ છે. જયારે ભાવ વધારાને પગલે ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ જવા પામ્યું છે. ત્યારે ઘરના રસોડામાં તૈયાર થતા સ્વાદીષ્ટ અને ચટાકેદાર શાકનો સ્વાદ પણ સ્વાદના શોખીનોને ફીક્કો લાગી રહ્યો છે. ત્યારે કેટલાક નાગરીકો શાક કરતા કેરી ખાવાનું વધુ પસંદ કરે છે. શહેરના શાકમાર્કેટમાં ભાવ વધારાને પગલે વેચાણમાં પણ નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે.

શહેરના સેક્ટર-૭, ૨૧ અને ૨૪ માં શાકમાર્કેટ ગૃહિણીઓની ચહલપહલ ઓછી થઈ ગઈ છે. શાકના ભાવ આસમાનને આંબતા શાક બજારો ખાલીખમ લાગી રહ્યા છે. બે માસ અગાઉ દરેક શાક માત્ર રૂ.૧૦માં કે ૨૦ કિલોના ભાવે વેચાણ થતુ હતું.તંત્ર દ્વારા ખેડુતો માટે ખાસ શાકબજારો ઉભા કરાયા હતા. પરંતુ ઓછા વાવેતર તેમજ ગરમીને પગલે શાક બજારમાં ઓછુ આવતા દરેક શાકમાં ભાવ વધારો છે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.જયારે આગામી સમયમાં બજારમાં શાક આવતા જ ભાવમાં ફેર જણાશે. પરંતુ અત્યારે હાલના સમયે તો શાક કરતા ફળોના રાજા કેરીનો ભાવ ઓછુ હોવાનું જણાવી રહ્યા છે. કેરી કિલોના ૪૦થી ૬૦ છે ત્યારે બજારમાં શાકના ભાવ કિલોના રૂ.૬૦થી ૮૦ નો છે. બજારમાં શાકના ભાવમાં ભડકો થતા ગૃહિણીઓના બજેટ પણ ખોરવાઈ જવા પામ્યા છે. ત્યારે શહેરના નાગરીકોને શાકના ભાવમાં ભડકો થતા કેટલાક શાકનો સ્વાદ પણ ફિક્કો લાગી રહ્યો છે.



**શાકના કિલોના ભાવ નીચે મુજબ છે**

| | | | |
|---|---|---|---|
| કારેલા | - ૬૦ | કોથમીર | - ૬૦ |
| દુધી | - ૨૦ | આદુ | - ૬૦ |
| ભીંડા | - ૪૦ | ચોળી | - ૭૦ |
| ગવાર | - ૭૦ | ટીંટોડા | - ૭૦ |
| ફલાવર | - ૬૦ | પરવર | - ૮૦ |
| મરચા | - ૬૦ | તુરીયા | - ૩૦ |
| ટામેટા | - ૩૦ | ગલકા | - ૩૦ |
| રવૈયા | - ૨૦ | બટાકા | - ૧૫ |
| કોબી | - ૨૦ | ડુંગળી | - ૧૫ |

## શનિવારે રાજ ભાસ્કરના પુસ્તક શ્રીમદ્ ભાગવદ્ગીતાનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૧૭માં ટાઉનહોલ ખાતે આગામી તા. ૨૦મી મે શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે રાજ ભાસ્કર દ્વારા લિખિત સંપાદિત 'શ્રીકૃષ્ણનો શાશ્વત ઉપદેશ : શ્રીમદ્ ભગવદ્ગીતા' પુસ્તકનો લોકાર્પણ સમારોહ યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ઊંઝા ઉમિયા માતા સંસ્થાનના પ્રમુખ તથા ધારાસભ્ય નારણભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે નિવૃત્ત સનદી અધિકારી તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા 'ગીતાજ્ઞાનનું રસપાન' વિષયે વક્તવ્ય આપશે. આ કાર્યક્રમમાં સાધના સાપ્તાહિકના તંત્રી-ટ્રસ્ટી મુકેશભાઈ શાહ તથા હર્ષા એન્જિનીયરીંગના ઉદ્યોગપતિ રાજેન્દ્રભાઈ શાહ ઉપસ્થિત રહેશે તથા કરસનભાઈ વાલજીભાઈ પટેલ આશિર્વચન પાઠવશે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના બાળકોને સન્માનવાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરના આજીવન સભ્યોના શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં લેવાયેલી ધો. ૧ થી ૯ની વાર્ષિક પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ માર્કસ મેળવનાર પૌત્ર-પૌત્રીઓને સન્માનવાનો કાર્યક્રમ માહે જુલાઈ-૨૦૧૭માં યોજાનાર છે. તો સંસ્થાના સભ્યોએ પાત્રતા ધરાવતા પૌત્રી-પૌત્રીઓની માર્કશીટની નકલ કે જેમાં આ વિગતનો ઉલ્લેખ કરે. પેન્શનરનું નામ સરનામુ, આજીવન સભ્ય ક્રમાંક, ફોન નંબર, વિદ્યાર્થી, વિદ્યાર્થીના પિતાનું નામ સરનામુ, વિદ્યાર્થીનો પેન્શનર સાથેનો સંબંધ અને મેળવેલ ટકા ગ્રેડ વિગેરે વિગત દર્શાવી મોડામાં મોડા તા. ૧૦મી જૂન સુધીમાં પેન્શનર સમાજના સેક્ટર પ્રતિનિધિને અચુક મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

# પથિકાશ્રમ નજીકથી ત્રણ વોન્ટેડ આરોપીઓ પકડાયા

## સે. ૭ પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં ત્રણેય વોન્ટેડ હતા : ત્રણ પૈકી બે આરોપીઓ રીઢા ઘરફોડીયા : એલસીબીની ટીમે દબોચી લીધા

ગાંધીનગર, તા. ૧૭

શહેરના પથિકાશ્રમ વિસ્તારમાં વોન્ટેડ આરોપીઓ ફરી રહ્યા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે ત્રણ વોન્ટેડ આરોપીઓને પકડી પાડ્યા છે. ત્રણેય આરોપીઓ સેક્ટર-૭ પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં વોન્ટેડ હતા. મળતી વિગત મુજબ ત્રણ પૈકી બે આરોપીઓ રીઢા ગુનેગારો છે અને ઘરફોડ ચોરી, પ્રોહીબીશન, મારામારી સહીતના ગુનાઓમાં અગાઉ પકડાઈ ચુકેલા છે.



એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ કૃણાલ પટેલ તથા સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે. કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ તથા કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને સંયુક્ત બાતમી મળી હતી કે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ચાલુ વર્ષે આઈપીસી કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા જીપીએક્ટ કલમ ૧૩૫ મુજબ નોંધાયેલા ગુનામાં વોન્ટેડ ત્રણ આરોપીઓ પથિકાશ્રમ પાસે ફરી રહ્યા છે તેને આધારે પથિકાશ્રમ પાસે પહોંચી એલસીબીની ટીમે ત્રણેય વોન્ટેડ આરોપીઓ કરતારસિંગ લેણાસિંગ ટાંક (સરદાર), સતપાલસિંગ કાલુસિંગ ટાંક (સરદાર) અને બચુસિંગ દર્શનસિંગ ઊર્ફે ગૌરીસિંગ ટાંક (સરદાર) (તમામ રહે. પાણીની ટાંકી પાસે, કલોલ)ને દબોચી લીધા હતા. ત્રણ આરોપીઓ પૈકી કરતારસિંગ ભુતકાળમાં અમદાવાદ, આણંદ, ભાવનગર (મહુવા) ખાતે ઘરફોડ ચોરીના ગુનામાં અને ગાંધીનગરમાં એક્સીડેન્ટના ગુનામાં પકડાયેલો છે. તે ઉપરાંત બીજો આરોપી સતપાલસિંગ ભુતકાળમાં પ્રોહીબીશન અને ઘરફોડ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલો હોવાનું પોલીસ તપાસમાં ધ્યાને આવ્યું છે.

# ચિલોડામાં બુટલેગરના મકાનમાંથી દારૂ-બિયરનો જથ્થો પકડાયો

## બાઈક પર બિયરના ટીનની હેરાફેરી કરતા એલસીબીના હાથે પકડાયેલા શખ્સની પુછપરછમાં બુટલેગરના ઘરનો રસ્તો મળ્યો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક ચિલોડા ચંદન મંડપની પાછળથી એક ખેપીયાને બાઈક પર બિયરની હેરાફેરી કરતા ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પુછપરછ કરી હતી. બિયરના ટીનો ચિલોડાના બુટલેગર અંબાલાલ ચાવડાના ઘરેથી લાવ્યો હોવાનું ખેપીયાએ જણાવતા એલસીબીએ તે મકાનમાં જઈ દરોડો પાડતા દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. તો બીજી તરફ જે મકાનમાંથી જથ્થો મળ્યો તેનો માલીક બુટલેગર અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. એલસીબીએ ગુનો નોંધાવી વધુ તપાસ શરૂ કરી છે.



ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ લીસ્ટેડ બુટલેગરોની વૉચમાં છે ત્યારે ગઈ મોડી સાંજે હે. કોન્સ્ટેબલ યજુવેન્દ્રસિંહને બાતમી મળી હતી કે ચિલોડા ચંદન મંડપની પાછળ આવેલા મનુભાઈના બોરકુવા પર રહેતો ચંદ્રવિર મદનસિંહ શકતાવત પેશન પ્રો બાઈક પર બિયર લઈને જઈ રહ્યો છે. ૧૨ નંગ બિયરના ટીન સાથે તેને પકડી પાડી બિયર ક્યાંથી લાવ્યો તે અંગે પુછપરછ કરતાં ચિલોડા ગામમાં રહેતા અંબાલાલ જબાભાઈ ચાવડાના ઘરેથી માલ લાવ્યો હોવાનું તેણે જણાવ્યુ હતુ. તેને આધારે અંબાલાલના ઘરે એલસીબીએ રેડ પાડી હતી. અંધારાનો લાભ લઈ તે શખ્સ ભાગી ગયો હતો. જ્યારે ઘરમાં તપાસ કરતા અંદર સંતાડેલી બિયર તથા વિદેશી દારૂની કુલ ૪૮ બોટલ મળી આવી હતી. રૂ. ૩૦,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બિયર સાથે પકડાયેલા ચંદ્રવિરની ધરપકડ કરી એલસીબીએ ફરાર બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

# ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા ઈશાન દવે મેમોરીયલ ચેસ ટૂર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસિએશન દ્વારા ઈશાન સુભાષભાઈ દવે મેમોરીયલ ચેસ ટૂર્નામેન્ટનું ઓપન તથા અન્ડર-૯, ૧૩ અને ૧૬ વય જુથના ખેલાડીઓ માટે તા. ૨૮-૫-૧૭ને રવિવારના રોજ જુના સચિવાલય, કેન્ટીન ખાતે આયોજન કરવામાં આવેલ છે. રસ ધરાવતા ખેલાડીઓને પ્રવેશ મેળવવા માટે નિયત પ્રવેશ ફોર્મ wwgica2010.wordpress.com પરથી ડાઉનલોડ કરી તા. ૨૭-૫-૧૭ સાંજ સુધીમાં એન્ટ્રી રજિસ્ટર્ડ કરાવી લેવી. આ અંગે વધુ જાણકારી માટે શૈલેષ નાયક મો. ૯૯૦૯૯૪૦૬૧૨ તથા એન.જે. સાતુનિયા મો. ૯૮૭૯૮૧૫૨૦૪ પર સંપર્ક સાધવા વિનંતી છે.

# શુક્રવારે ગાંધીનગરમાં મેગા જોબ ફેર

## સે. ૨૩માં કડી કેમ્પસમાં યોજાનાર જોબ ફેરમાં ૨૫ કંપનીઓ ૧૬૦૦થી વધુ નોકરીઓ ઓફર કરશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીના મોડેલ કેરિયર સેન્ટર દ્વારા આગામી તા. ૧૯મી મે ના રોજ મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા આ મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું છે. મેગા જોબ ફેર તા. ૧૯મી મે ના રોજ સેક્ટર-૨૩માં એસ.કે. પટેલ બિલ્ડીંગ, કડી કેમ્પસ ગેટ નં. ૨ ખાતે સવારના ૯.૩૦ થી બપોરના ૩.૩૦ કલાક દરમ્યાન યોજાશે.

મેગા જોબ ફેરમાં ૨૫ થી વધુ કંપનીઓ ૧૬૦૦થી વધારે જગ્યાઓ માટે નોકરીની ઓફર કરવા ઉપસ્થિત રહેશે. આ જગ્યાઓ મેન્યુફેકચરિંગ, આઈટી-ટીઈએસ, બેંકિંગ, ઈન્શ્યુરન્સ, ફાઈનાન્સ, બીપીઓ, રિટેઈલ, ટેલિકોમ, ફાર્માસ્યુટિકલ અને ક્લિનીકલ ક્ષેત્રની રહેશે. જોબ ફેરમાં નોકરીત્સુક ઉમેદવારોએ તેમના બાયોડેટાની ઓછામાં ઓછી ત્રણ કંપની સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવા જણાવાયું છે. જો કે આ સાથે ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો લાવવાની જરૂર નથી તેવી સ્પષ્ટતા કરાઈ છે.

# એનડીઆરએફ કોઈપણ રેસ્ક્યુ માટે સુસજ્જ

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા રેસ્ક્યુ ટેકનોલોજીનું ડેમોસ્ટ્રેશન યોજાયું : એનડીઆરએફને દેશની છઠ્ઠી બટાલિયન કહેવાય છે

ગાંધીનગર, તા. ૧૭

નેશનલ ડિઝાસ્ટર રેસ્ક્યુ ફોર્સ દ્વારા હાથ ધરાતા રેસ્ક્યુ ઓપરેશન્સ દરમ્યાન ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી તથા તેમનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ કેવા પ્રકારનું હોય છે તે આજે વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ સહિત અનેક નગરજનોએ પ્રત્યક્ષ નિહાળ્યું હતું. સે.-૧૫માં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે સૌપ્રથમવાર યોજાયેલ ડેમોસ્ટ્રેશનમાં ડિઝાસ્ટર રેકસ્યુ ઓપરેશન્સમાં વપરાતા ઈક્વિપમેન્ટસ તથા તેને ઉપયોગમાં લેવાની પદ્ધતિઓનું નિદર્શન યોજાયું હતું.

એનડીઆરએફના તજજ્ઞ સૂર્યકાન્ત દ્વારા આ પદ્ધતિઓની તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે એનડીઆરએફને દેશની છઠ્ઠી બટાલિયન ગણાવી હતી અને દેશમાં સર્જાતી કોઈ પણ કુદરતી હોનારત સમયે જાન-માલનું સૌથી ઓછુ નુકશાન થાય તે અંગે એનડીઆરએફ સતત સજાગ રહે છે તેમજ કોઈપણ પ્રકારની કપરી પરિસ્થિતિમાં ફરજ બજાવી નાગરિકોના જાન બચાવે છે. તેમણે એનડીઆરએફ આધિનિક સાધનોથી સુસજજ હોવાનું જણાવ્યું હતું.





ડિઝાસ્ટર રેકસ્યુ ડેમોન્સ્ટ્રેશનનું ઉદ્ઘાટન ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટિ મ્યુનિસિપલ કમિશનર જે.બી. બારૈયાએ કર્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન રિજીયોનલ ફાયર એન્ડ સેફટી કોલેજના ડાયરેક્ટર મહાવીર નિમાવતે તથા એનડીઆરએફના રાકેશ દોહારે કર્યુ હતુ. કાર્યક્રમનું આયોજન ફાયર એન્ડ સેફ્ટી કોલેજ દ્વારા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી એનડીઆરએફના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યુ હતુ. ડેમોન્સ્ટ્રેશનને નિહાળવા કોલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત ૬૦ થી વધુ નગરજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આઈ લવ માય ગાંધીનગર



**અરૂણ રાવલ**
એકાઉન્ટન્ટ

**ગાંધીનગર ગમે**

સુંદરતા, કલા, સેવા, સંસ્કૃતિ, ભક્તિ અને હરિયાળીને કારણે આ શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**

સંસ્કારી અને આધ્યાત્મિક બાબતોમાં રસ ધરાવતા ભલા નાગરિકો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગરમાં થતી કલા, સંસ્કૃતિ, ભક્તિ અને સેવાને લગતી પ્રવૃત્તિઓ ગમે છે. સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩, ગ્રો ફાઉન્ડેશન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જુનિયર સિટિઝન કાઉન્સિલ, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં યુવાનોનો ફાળો વધે તેવા પ્રયાસો કરવા જોઈએ.

**નગર માટે હું કરી શકું**

સૌની આધ્યાત્મિક ઉન્નતિ માટે મારી સઘળા પ્રકારની સેવાઓ આપવા હું તૈયાર છું.

## વાતવાતમાં

● શહેરમાં એક તરફ રેનસમવેર વાઈરસના આક્રમણને પગલે એટીએમ સેન્ટરોમાં 'નો કેશ' અથવા 'એટીએમ બંધ છે' તેવા પાટિયાં ઝુલી રહ્યાં છે. બીજી તરફ શહેરના સીએનજી-એલપીજી ગેસપંપો પર ધરાર કેશનો જ આગ્રહ રાખી ડેબિટ-ક્રેડિટ કાર્ડ સ્વીકારવાનું બંધ કરી દેવાતા વાહનચાલકોની સ્થિતિ કફોડી બનવા પામી છે.

● ગાંધીનગરથી ચિલોડા-દહેગામ તરફ જવા માટેના સેક્ટર-૩૦ સર્કલે બનાવાયેલા બસસ્ટેન્ડ મુસાફરોને ઉપયોગ માટે આવતુ નથી. આ બસસ્ટેન્ડમાં કોઈ શ્રમજીવી જેવી જણાતી વ્યક્તિએ ગોદડીઓ અને પાણીની ખાલી બોટલો જેવી ચીજવસ્તુઓનો પથારો કરી દીધો છે.

● સેક્ટર-૨૮ જીઆઈડીસીમાં એક તરફ રોડનું કામકાજ ચાલી રહ્યું છે. બીજી તરફ દર ત્રણ ચાર દિવસે ગટરો ઉભરાતાં જીઆઈડીસીના મુલાકાતીઓ તથા વેપારીઓ તમામ ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

## @ગાંધીનગર

● આર્યુવેદ હોસ્પિટલ સેક્ટર-૨૯ દ્વારા ઝુલેલાલ સાંઈબાબા મંદિર સેક્ટર-૩૦ ખાતે સાંજ ૪ થી ૬ કલાક દરમાયાન નિઃશુલ્ક તપાસ અને નિદાન કેમ્પ યોજાશે.

● સેક્ટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રે ૮.૧૫થી ૧૦.૩૦ દરમ્યાન ધીરજા ખ્યાન પંચાન્હ પારાયણ યોજાશે.

● સેક્ટર-૨૬ ભવનાથ મહાદેવ ખાતે રામદેવ પારાયણ કથા સવારે ૯ થી ૧૨ અને સાંજે ૮ થી ૧૧ કલાક દરમ્યાન યોજાશે.

## ગાંધીનગર પ્રજાપતિ સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર પ્રજાપતિ સમાજની ગત તા. ૩૧-૭-૧૬ના રોજ ચેરીટી કમિશનરના નેજા હેઠળ કાયદેસર રીતે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ગાંધીનગર પ્રજાપતિ સમાજના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે ચિમનભાઈ સોમાભાઈ પ્રજાપતિની વરણી કરવામાં આવી છે. મહામંત્રી તરીકે રાજેન્દ્ર અંબાલાલ પ્રજાપતિની વરણી કરવામાં આવી છે. ગાંધીનગર પ્રજાપતિ સમાજને સ્પર્શતા પ્રશ્નો અંગે પ્રમુખ અને મહામંત્રીનો સંપર્ક કરી શકે છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર શહેર વિસ્તારમાં વસતા પ્રજાપતિ જ્ઞાતિબંધુઓને જણાવવામાં આવે છે કે ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા મિત્રમંડળ કે બચત મંડળ (ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી) ચલાવવામાં આવતી નથી તેમજ સમાજ દ્વારા કોઈ પણ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું નથી જેની નોંધ લેવા સમાજના ભાઈ બહેનોને મહામંત્રી રાજેન્દ્ર એ. પ્રજાપતિએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. નરેન્દ્રસિંહ જુજારસિંહ વાઘેલા, ઉ.વ.૪૧
- સ્વ. બિન્દ્રા નરપતસિંહ જાડેજા, ઉ.વ.૪૬
- સ્વ. આતાજી વેલાજી ઠાકોર, ઉ. વ. ૭૦
- સ્વ. રેણુકાબેન મહેન્દ્રભાઈ સોલંકી, ઉ.વ.૪૫
- સ્વ. વિરાજી ભલાજી પ્રજાપતિ, ઉ.વ.૮૫